# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## $5^{th}$ Phase voting

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કામાં બપોરના એક વાગ્યા સુધીમાં અંદાજે 36.73 ટકા મતદાન થયું હોવાના પ્રાથમિક અહેવાલ મળ્યા છે.

આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 49 લોકસભાની બેઠકો પર આજે સવારે સાત વાગ્યાથી શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો આરંભ થયો હતો. લોકસભાની બેઠકોની સાથે સાથે 35 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન ચાલી રહ્યું છે.

લદ્દાખમાં સૌથી વધુ 52.02, પશ્ચિમ બંગાળમાં 48.41, ઝારખંડમાં 41.89, ઉત્તરપ્રદેશમાં 39.55, ઓડીશામાં 35.31, જમ્મુ કાશ્મીરમાં 34.79, બિહારમાં 34.62 અને મહારાષ્ટ્રમાં 27.78, ટકા મતદાન થયું છે. જ્યારે ઓડીશા વિધાનસભાની બીજા તબક્કામાં 35 બેઠકો પર સરેરાશ 35.31 ટકા મતદાન થયું છે.

.................

## BHUJ - EARTHQUAKE

કચ્છના લખપતથી 60 કિલોમીટર દૂર ભારત-પાકિસ્તાનની સરહદે આજે સવારે 10 વાગ્યાને 36 મિનિટે 3.4ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જ્યારે આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ કચ્છના લખપતથી 60 કિલોમીટર દૂર સરહદને પાર નોંધાયું હતું.

..........

## SUMMER YOGA CAMP

ગુજરાત રાજ્ય યોગ બૉર્ડ આજથી 29 મે દરમિયાન ઓછામાં ઓછા સો બાળક સાથે સમગ્ર રાજ્યમાં 200 જેટલા સ્થળો પર સાતથી પંદર વર્ષના બાળકો માટે નિઃશુલ્ક યોગ સમર કેમ્પ યોજવાનું આયોજન કર્યું છે. આનો હેતુ નાનપણથી જ બાળકોમાં સંસ્કાર આવે, તેઓના આહારમાં સુધારો આવે, તેઓની દિનચર્યા સુધરે તેમજ સમાજમાં એક આદર્શ બાળક તરીકે તેઓ ઊભરી આવે અને યોગ પ્રત્યે જાગૃત થાય તેવો છે. આજથી શરૂ થયેલા આ યોગ સમર કેમ્પમાં 20 હજારથી વધુ બાળકોએ ભાગ લીધો છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય યોગ બૉર્ડે ગયા વર્ષે જ નવી પહેલ કરતાં વિદ્યાર્થીઓ માટે યોગ સમર કેમ્પનું આયોજન કર્યું હતું. જેમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળતાં આ વર્ષે પણ આજથી 29 મે દરમિયાન યોગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

..................................

## SUMMER YOGA AND ART CAMP

ડાંગ જિલ્લાના આહવા સ્વરાજ આશ્રમમાં આજથી 29 મે દરમિયાન નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં સાતથી પંદર વર્ષની વયના બાળકો ભાગ લઈ રહ્યા છે. આ કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે આહવાના સરપંચ અને તબીબે ઉપસ્થિત રહી તેમણે બાળકોને યોગ અંગેનું વિશેષ મહત્વ સમજાવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં ઉમા સંસ્કાર વિદ્યાલય ખાતે ક્રિષ્ના ફાઉન્ડેશન પ્રકૃતિ મંડળ દ્વારા ધોરણ એકથી નવના 375 વિદ્યાર્થીઓ માટે 6 દિવસ સમર આર્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં બાળકોએ વિવિધ કળાની તાલીમ પણ લીધી હતી.

----------------

## Choota Udaipur… Udti Khiskoli

છોટાઉદેપુર જિલ્લાના કેવડીમાં આવેલા ઈકો ટૂરિઝમ કેમ્પસમાં ઊડતી ખિસકોલી આકર્ષણનું કેન્દ્ર બની છે. કાળઝાળ ગરમી હોવા છતાં અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યાં છે. છોટા ઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવાનાં અહેવાલ પ્રમાણે, કેવડી ખાતે વનવિભાગે ઇકો ટુરિઝમ વિકસાવ્યું છે, જ્યાં ઊડતી ખિસકોલી પર્યટકો અને પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

ઉડતી ખિસકોલીએ મહુડાનાં વૃક્ષ પર પોતાનું રહેઠાણ બનાવ્યું છે તેમજ સવારે અને સાંજે એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર ઉડતી નજરે પડે છે. આ અંગે વધુ માહિતી આપે છે, કેવડીના રેન્જ ફૉરેસ્ટ ઑફિસર એન. સી. રાઠવા

(બાઇટ- એન.સી.રાઠવા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર, કેવડી)

-----------------

## BHUJ TAPU PRAVESH PRATIBANDH

કચ્છ-ભુજ જિલ્લા મેજિસ્ટ્રેટે માનવ વસાહત રહિત 21 ટાપુ અને ખડક પર પ્રવેશ અંગે પ્રતિબંધનું જાહેરનામું બહાર પાડ્યું છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરાએ જિલ્લાના એકવીસ ટાપુ પર પ્રવેશ કરવા પર 18 જુલાઈ 2024 સુધી પ્રતિબંધ લગાવ્યો છે.

આ જાહેરનામા અન્વયે કેન્દ્ર કે રાજ્ય સરકારની સુરક્ષા એજન્સીઓ તેમ જ સરકારી કામે રોકાયેલ રાજ્ય કે કેન્દ્ર સરકારના કર્મચારી-અધિકારીને મુક્તિ આપવામાં આવશે. આ જાહેરનામું 18 જુલાઈ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનારા વ્યક્તિ સામે પગલાં લેવામાં આવશે.

.................

## SAPUTARA - POLICE AAVAS

ડાંગના ગિરિમથક સાપુતારામાં નવનિર્મિત પોલીસ આવાસ ખાતે વાસ્તુપૂજન સાથે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ સહપરિવાર ગૃહપ્રવેશ કર્યો હતો. અહીં પોલીસ અધિક્ષક યશપાલ જગાણિયાની ઉપસ્થિતિમાં સત્યનારાયણની કથા અને વાસ્તુપૂજનનો કાર્યક્રમ યોજાયો

હતો, જ્યાં હૉટેલ ઑનર્સ એસોસિએશનના પ્રતિનિધિઓ, સાપુતારાના સરકારી કર્મચારી, અધિકારીઓ, શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

----------------